SUKHARAM OPTICAL HOUSE
બ્રાન્ડેડ ફ્રેમ
કોસ્મેટીક
કોન્ટેક્ટ લેન્સ
ગોગલ્સ

સુખારામ
ઓપ્ટીકલ હાઉસ
કોમ્પ્યુટરાઇઝ્ડ આઇ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ કલીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ અંક : ૩૨ * * * સંવત ૨૦૮૦ ચૈત્ર વદ પાંચમ, સોમવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

### પોરબંદર નજીક ભારતીય કોસ્ટ ગાર્ડ, ગુજરાત એટીએસ અને એનસીબીનું મધદરિયે સંયુક્ત દિલધડક ઓપરેશન

# દરિયામાંથી 602 કરોડના હેરોઈન સાથે 14 પાકિસ્તાની ઝડપાયા

## બાતમીને આધારે પાર પડાયેલા ઓપરેશનમાં ઝડપાયેલા તમામ ડ્રગ્સ માફિયાને પોરબંદર લવાયા

## ભારતીય દળોએ પાકિસ્તાની બોટને ઘેરીને ગોળીબાર કરવો પડ્યો, 86 કિલો હેરોઇન જપ્ત કરાયું

## કરાંચીથી નીકળેલું ડ્રગ્ઝ, તામિલનાડુના ડ્રગ્ઝ માફિયાઓની મદદ લઈને શ્રીલંકા પહોંચાડવાનો ઈરાદો હતો

ગાંધીનગરઃ ગઈરાત્રે ભારતીય કોસ્ટ ગાર્ડ, ગુજરાત એટીએસ તથા એનસીબી (ઓપરેશન) દ્વારા હાથ ધરાયેલા સંયુક્ત ઓપરેશન દરમ્યાન પોરબંદર નજીક અરબી સમુદ્રમાં ભારતીય જળસીમાની અંદરથી એક પાક બોટને આંતરીને ઝડપી લઈને તેમાંથી 14 જેટલા પાક ડ્રગ્સ માફિયાઓ તથા 602 કરોડનું 86 કિલો હેરોઈન જપ્ત કરી લેવાયુ છે, આ તમામ 14 પાક ડ્રગ્સ માફિયાઓને પોરબંદર લાવવામાં આવ્યા છે, જ્યારે આ સમગ્ર કેસની ધનિષ્ઠ તપાસ એનસીબીને ટ્રાન્સફર કરી દેવાઈ છે.

એટીએસને અગાઉથી બાતમી મળી હતી કે કરાંચી બંદરેથી એક પાકિસ્તાની જહાજ નીકળ્યુ છે, જેમાં ડ્રગ્સ છે, જે તામિલનાડુના માફિયાઓની મદદ વડે શ્રીલંકા ડિલીવરી કરવાનું છે. આ સમગ્ર હેરોઈનની દાણચોરી પાકિસ્તાની ડ્રગ્સ માફિયા હાજી અસ્લમ ઉર્ફે બાબુ બલોચ કરાંચી બંદરેથી પ્લાન કરાઈ છે, જેના પગલે બે દિવસ પહેલા જ આ ઓપરેશન ભારતીય કોસ્ટ ગાર્ડ, એટીએસ તથા એનસીબીની ટીમ દ્વારા શરૂ કરાયું હતું. પોરબંદરથી 180 માઈલ દૂર દરિયામાં જે બાતમી હતી તેવું જ જહાજ દેખાયું હતું. એટલું જ નહીં ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજ દ્વારા તેને આંતરીને ઝડપી લેવા જતાં બોટ તરફથી પાક ડ્રગ્સ માફિયાઓએ નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે તેનો પીછો કરી રહેલા કોસ્ટ ગાર્ડના જહાજમાંથી સમગ્ર અધિકારીઓની ટીમ દ્વારા પાક બોટ પર ગોળીબાર



કરાયો હતો. જેમાં પાક બોટના કેપ્ટનને ઈજા થવા પામી હતી. તે પછી એટીએસ તથા એનસીબીના અધિકારીઓની ટીમે બોટમાં ચઢીને તપાસ કરતાં 86 કિલો હેરોઈન મળી આવ્યુ હતું. આ બોટમાં રહેલા 14 પાકિસ્તાની ડ્રગ્સ માફિયાની પણ ધરપકડ કરી લેવાઈ છે. ધરપકડ કરાયેલા 14 પાક ડ્રગ્સ માફિયાઓમાં નાઝીર હુસૈન, મહોમ્મદ સીદીક, અમીર હુસૈન, સલલ ગુલામ નબી, અમન ગુલામ નબી, બધલ ખાન, અબ્દુલ રશીદ, લાલ બક્ષ, ચાકર ખાન, કાદીર બક્ષ, અબ્દુલ સમાદ, એમ હકીમ મોસા, નૂર મહમ્મદ અને મુહમ્મદ ખાન હુસૈનનો સમાવેશ થાય છે. આ બેટના કેપ્ટન નાઝીર હુસૈનને ગોળીબારમાં ઈજા થઈ જતાં સારવાર માટે દાખલ કરાયો છે. જપ્ત



કરાયેલા હેરોઈનની તામિલનાડુના ડ્રગ્સ માફિયાઓની મદદ વડે શ્રીલંકામાં ડિલીવરી કરવાની હતી. ઉલ્લેખનીય છે કે હજુ ગઈકાલે તો ગુજરાત એટીએસ તથા કેન્દ્ર સરકાર હસ્તકની નારકોટિકસ કંન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ સંયુક્ત રીતે હાથ ધરેલા ઓપરેશનમાં ગુજરાતમાં ગાંધીનગર તથા અમરેલી અને રાજસ્થાનમાં દરોડો પાડીને એમડી ડ્રગ્સ બનાવવાની ફેકટરીનો પર્દાફાશ કરીને 230 કરોડનું એમડી ડ્રગ્સ તથા 13 જેટલા ડ્રગ્સ માફિયાઓની ધરપકડ કરી લેવાઈ હતી. આ કેસ પણ વધુ તપાસ માટે એનસીબીને ટ્રાન્સફર કરાયો છે.

# જયપુરમાં એક જ આરસના પથ્થરમાંથી બનેલી 18 ફૂટ ઊંચી મહાકાળીની મૂર્તિ કેરળ જશે



**જયપુરમાં** બનેલી પ્રતિમા 16 દિવસની યાત્રા પછી 500 વર્ષ જૂના કેરળના મંદિરમાં સ્થાપિત થશે

**જયપુર, તા. 28 (PTI) :** રાજસ્થાનના પ્રખ્યાત માર્બલ્સ ઇતિહાસનાં પુસ્તકોમાં નોંધાવા માટે તૈયાર છે. કારણ કે, એક જ આરસના પથ્થરમાંથી કોતરેલી 18.5 ફૂટ ઊંચી કાલી મૂર્તિને જયપુરથી તિરુવનંતપુરમના પૂર્ણમિકાવુ મંદિરમાં મોકલવાની તૈયારી છે. જયપુર સ્થિત પ્રસિદ્ધ શિલ્પકાર મુકેશ ભારદ્વાજ દ્વારા કોતરવામાં આવી છે. રાજસ્થાનના ભેંસલાનાથી 45-50 ટન વજનનો 30x20 ફૂટનો સિંગલ માર્બલ પથ્થર ઉત્કૃષ્ટ મૂર્તિમાં ફેરવાઇ ગયો હતો જે કેરળના મંદિરમાં દેવી દુર્ગા અને રાજા માધવંધી દેવીની 12 ફૂટ

...અનુસંધાન પાના 2 પર

## ન્યૂઝ બ્રીફ

### BROએ હિમવર્ષા બાદ જમ્મુ-કાશ્મીરના રાઝદાન પાસમાં ફસાયેલા લોકોને બચાવ્યા

**શ્રીનગર.** બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ) એ રવિવારે ડઝનબંધ મુસાફરોને બચાવ્યા હતા, જેમના વાહનો જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા-ગુરેઝ રોડ પર હિમવર્ષામાં ફસાઇ ગયાં હતાં. એમ અધિકારીઓએ અહીં જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, તોફાનગ્રસ્ત રાઝદાન પાસ પર ફસાયેલાં 35 વાહનો વિશે માહિતી મળતાં જ બીઆરઓ કર્મચારીઓ એક્શનમાં આવી ગયા હતા. અધિકારીઓએ કહ્યું

...અનુસંધાન પાના 2 પર

### અજાણતા ભારતીયમાં ઘૂસી આવેલા પાકિસ્તાનીને પાકિસ્તાન રેન્જર્સને સોંપાયો

**ચંદીગઢ.** બીએસએફના પ્રવક્તાએ રવિવારે જણાવ્યું હતું કે, એક પાકિસ્તાની વ્યક્તિને કે જેને અજાણતા ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ પકડવામાં આવ્યો હતો, તેને માનવતાના ધોરણે પાકિસ્તાન રેન્જર્સને સોંપવામાં આવ્યો હતો. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનોએ શનિવારે પંજાબના ફાઝિલ્કા જિલ્લામાં સરહદી વાડ પાસે પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી હતી. એમ પ્રવક્તાએ જણાવ્યું

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૮-૦૪-૨૦૨૪નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૬° સે. | ૨૬.૨° સે. | ૧૩% |

# ઉત્તરાખંડના જંગલોમાં આગ: બીજા દિવસે પણ હવાઈ દળના હેલિકોપ્ટરે આગ બુઝાવવામાં મદદ કરી

**કેટલાંક** વિસ્તારોમાં આગ બુઝાવવામાં સફળતા મળી, અભિયાન હજુ ચાલુ છે

24 કલાકમાં આગની 8 નવી ઘટના નોંધાઈ

**દેહરાદૂન, તા. 28 (PTI):** ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગને બુઝાવવાનું અભિયાન ભારતીય હવાઈ દળના (આઈએએફ) એક હેલિકોપ્ટરની મદદથી રવિવારે બીજા દિવસે પણ ચાલુ હતું જ્યારે કેટલાંક વિસ્તારોમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો, એમ અધિકારીઓએ કહ્યું હતું.

રાજ્યમાં બેકાબૂ બનેલી જંગલની આગને બુઝાવવાના પ્રયાસ પણ તેજ કરાયા છે ખાસ કરીને સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત નેનીતાલ, હલદ્વાની અને રામનગરના જંગલોમાં, એમ જંગલના અધિકારીઓએ રવિવારે કહ્યું હતું. શુક્રવાર સાંજથી શનિવાર સાંજ સુધીમાં આગના 23 બનાવો બન્યા હતા જેમાં 34.175 હેક્ટર જંગલ વિસ્તારને નુકસાન પહોંચ્યું હતું. જ્યારે રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં જંગલમાં આગની 8 નવી ઘટના નોંધાઈ છે, જેમાં 11.75 હેક્ટર જમીનને નુકસાન થયું છે, એમ જંગલ ખાતાએ જણાવ્યું હતું. કુમાઉના મુખ્ય વન સંરક્ષક પ્રસન્ન કુમાર પાત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા 24 કલાકમાં જંગલોમાં કોઈ મોટી આગ લાગી નથી. જંગલની આગ તબક્કાવાર રીતે નિયંત્રીત કરાઈ છે જ્યારે કેટલાંક વિસ્તારોમાં આગ બુઝાવી દેવામાં આવી છે. નરેન્દ્ર નગર જંગલ ખાતાના માણિકનાથ રેન્ડમાં મરોરા અને ખનાના નાગરિક વિસ્તારોમાં આગ સંપૂર્ણ રીતે બુઝાવી દેવાઈ છે, એમ અધિકારીઓએ કહ્યું હતું. શનિવારની રાત્રે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કુમાઉં વિસ્તારમાં સ્થિતિની સમીક્ષા કરી હતી અને જણાવ્યું હતું કે હવાઈ દળનું હેલિકોપ્ટર આગ બુઝાવવાના અભિયાનમાં સામેલ કરાયા બાદ

...અનુસંધાન પાના 2 પર

### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે ગોળીબારમાં ગ્રામ રક્ષક ગાર્ડ શહીદ

**જમ્મુ, તા. 28 (PTI) :** અધિકારીઓએ જણાવ્યું કે, રવિવારે વહેલી સવારે જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના એક દૂરના ગામમાં આતંકવાદીઓ સાથેના ગોળીબારમાં વિલેજ ડિફેન્સ ગાર્ડ (વીડીજી) સભ્યનું મોત થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ પાકિસ્તાનમાંથી ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓને ખતમ કરવા માટે એક વિશાળ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું

...અનુસંધાન પાના 2 પર

# ટેસ્લાની ઓટો ડ્રાઈવિંગ ટેક્નોલોજીનો ચીનમાં પ્રચાર કરવા મસ્કે ઓચિંતા બીજિંગની મુલાકાત લીધી

**મસ્કે** એવા સમયે આ મુલાકાત કરી છે જ્યારે ચીનમાં તેમની ટેસ્લાના બજારને સ્થાનિક ઈવીના વધતા વેચાણથી જોખમ ઉભું થયું છે

**મસ્કે** વડાપ્રધાન લી કિઆંગ સાથે મુલાકાત કરી



**બીજિંગ, તા. 28 (PTI):** ચીનમાં વધી રહેલા ઈલેક્ટ્રિક વાહન (ઈવી) માર્કેટમાં ટેસ્લાની ઓટો ડ્રાઈવિંગ ટેક્નોલોજીનું અનાવરણ કરવામાં આવી શકે છે તેવી અટકળો વચ્ચે અબજોપતિ એલન મસ્કે રવિવારે બીજિંગની ઓચિંતી મુલાકાત લીધી હતી, તેઓ ચીનના વડા પ્રધાન લી કિઆંગને મળ્યા અને તેમની ઓટોમોબાઈલ કંપનીના ભાવિ વિસ્તરણની યોજનાઓ અંગે ચર્ચા કરી. વડા પ્રધાન લીએ રવિવારના રોજ બીજિંગમાં અમેરિકી ઈલેક્ટ્રિક

...અનુસંધાન પાના 2 પર

# મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ સામે કેજરીવાલની અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી

**કેજરીવાલે** પોતાની ધરપકડને મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ અને લોકશાહીના સિદ્ધાંતો પર અભૂતપૂર્વ હુમલો ગણાવ્યો

**નવી દિલ્હી, તા. 28 (PTI)** : સુપ્રીમ કોર્ટ સોમવારે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ દ્વારા કથિત એક્સાઇઝ નીતિ કૌભાંડમાંથી ઉદ્ભવતા મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડને પડકારતી અરજી પર સુનાવણી કરશે. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચ આ મામલે સુનાવણી કરે તેવી શક્યતા છે. કેજરીવાલે અગાઉ સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે, આ કેસમાં તેમની ગેરકાયદે ધરપકડ એ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ અને સંઘવાદ પર આધારિત લોકશાહીના સિદ્ધાંતો પર અભૂતપૂર્વ હુમલો છે. કેસમાં તેમની ધરપકડને પડકારતી તેમની અરજી પર દાખલ કરવામાં

...અનુસંધાન પાના 2 પર

# ચીન તિબેટની ઓળખની અવગણના કરવા માગે છે : તિબેટિયન ચળવળકાર મહિલા

**તિબેટની** મુક્તિ માટે દેખાવો કરવા બદલ જેની માત્ર ૧૫ વર્ષની વયે ધરપકડ કરાઇ હતી અને ત્રણ વર્ષ માટે જેલમાં રખાઇ હતી




**ધરમશાલા, તા. 28 (PTI):** ઓક્ટોબર ૨૧, ૨૦૧૫ના રોજ એક ૧૫ વર્ષની તિબેટિયન છોકરીને અને તેની બહેનને ચીની સત્તાવાળાઓએ તિબેટની ન્ગાબા કાઉન્ટિમાંથી જાહેરમાં દલાઇ લામાનું ચિત્ર દર્શાવવા બદલ અને મુક્ત તિબેટની માગણી કરવા બદલ પકડી લીધા હતા અને ત્રણ વર્ષ સુધી જેલમાં મૂકી રાખ્યા હતા.

નામક્યી નામની આ છોકરી ગયા વર્ષે જૂન માસમાં ભારત આવી હતી, જે દસ દિવસની પગપાળા મુશ્કેલીભરી મુસાફરી પછી નેપાળમાં પ્રવેશ્યા બાદ ભારત આવી હતી જેનો હેતુ વિશ્વભરના લોકોને ચીની દમનથી વાકેફ કરવાનો હતો. નામક્યી હવે ૨૪ વર્ષની થઇ ગઇ છે અને હાલ તે ભારતના હિમાચલ પ્રદેશના ધરમશાલા ટાઉનમાં તિબેટની દેશવટો ભોગવતી સરકાર દ્વારા સંચાલિત શેરાબ ગાસ્ટેલ લિંગ નામના એક શિક્ષણ સંસ્થામાં

...અનુસંધાન પાના 2 પર

# લોકસભા ચૂંટણી: કોંગ્રેસને ફટકો, દિલ્હી એકમના અધ્યક્ષ અરવિન્દર સિંહ લવલીનું રાજીનામું

**દિલ્હી** એકમ આપ સાથે ગઠબંધનની વિરૂદ્ધ હોવાનું અને પાર્ટીમાં તેમનું ચાલતું ન હોવાનું કારણ આપ્યું

**નવી દિલ્હી, તા. 28 (PTI):** લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે, વરિષ્ઠ નેતા અરવિન્દર સિંહ લવલીએ પક્ષના દિલ્હી એકમના અધ્યક્ષ તરીકે રાજીનામું આપ્યું છે, આ માટે તેમણે આપ સાથે ગઠબંધનનું એક કારણ હોવાનું જણાવ્યું હતું. જો કે લવલીએ બાદમાં સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોઈ રાજકીય પક્ષમાં જોડાઈ નથી રહ્યા. તેમણે કહ્યું કે દિલ્હી કોંગ્રેસ એકમ આ ગઠબંધનની વિરૂદ્ધ હતી પણ હાઈ કમાન્ડે ગઠબંધન કર્યું હતું. કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય આસિફ મોહમ્મદ ખાને દાવો કર્યો હતો કે ભાજપ લવલીને પૂર્વ દિલ્હી મતવિસ્તારમાંથી હર્ષ મલ્હોત્રાના સ્થાને ઉતારશે. તેના તુરંત બાદ લવલીએ સ્પષ્ટતા કરી હતી કે 'મેં માત્ર દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ પદેથી

...અનુસંધાન પાના 2 પર